અપીલ અરજી નં.૬૦૯ તા.૬–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી બીપીનચંદ્ર સી.ગાંધી
સામાવાળાઃ– ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બીપીનચંદ્ર સી.ગાંધીની તા. ૩૦–૧૨–૧૧ની અરજીથી ટીપી ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં.૧૭૯, સબ પ્લોટ નં.સી/૪૬, સંદર્ભ– ટીડીઓ/વે.ઝોન/ડીપી/ નં.૩૧૮ તા.૨૮–૩–૧૧ ના રોજ મંજુર કરેલ પ્લાન તથા રજાચિઠ્ઠી તથા પત્ર વ્યવહારની સંપૂર્ણ ફાઈલની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૯/૨૦૧૧–૧૨

શ્રી બીપીનચંદ્ર સી.ગાંધીની તા. ૩૦–૧૨–૧૧ની અરજીથી ટીપી ૧૩ (અડાજણ), ફા.પ્લોટ નં.૧૭૯ , સબ પ્લોટ નં.સી/૪૬, સંદર્ભ– ટીડીઓ/વે.ઝોન/ડીપી/ નં.૩૧૮ તા.૨૮–૩–૧૧ ના રોજ મંજુર કરેલ પ્લાન તથા રજાચિઠ્ઠી તથા પત્ર વ્યવહારની સંપૂર્ણ ફાઈલની માહિતી આપવા બાબતે માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે મુદત વીત્યા બાદ માહિતી મળી નથી તેથી માંગેલ માહિતીના રૂ. ૧૧૧/– પરત મળવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે દસ્તાવેજની ફી ભરપાઈ કરી છતાં માહિતી ન આપવા અંગે કલમ–૭(૧) (૩) અને કલમ–૭(૬)ના ઉલ્લંઘન અંગે સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૬૫ તા.૧૫–૨–૧૨ થી** ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળેલ હોય તો તે બાદ કોઈ નારજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૧૨૫૧ તા.૨૭–૩–૧૨ થી નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની રસીદ, દસ્તાવેજ ફી ભર્યાની રસીદ, અરજદારે તા. ૭–૩–૧૨ના રોજ અપીલ દફતરે કરવા અપીલ અધિકારીને કરેલી અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૩–૧૨ ના પૂરક પત્રથી અરજી ફી ભર્યાની રસીદ, દસ્તાવેજ ફી ભર્યાની રસીદ, મુળ અરજીની નકલ, આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૯૫ તા.૨૩–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩૦–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૯૫ તા.૨૩–૧–૧૨ થી નિયત સમય અવધિમાં " ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) , ફા.પ્લોટ નં.૧૭૯, સબ પ્લોટ નં.સી/૪૬ ના બીજા માળ વધારાનો પ્લાન ટીડીઓ/વે.ઝોન/ડીપી/૩૧૮, તા.૨૮–૩–૧૧ થી મંજુર થયેલ. જે પ્લાનની નકલના રૂા.૫૫/– તેમજ રજાચિઠ્ઠીની નકલના રૂા.૨/– તેમજ પત્ર વ્યવહારની તમામ નકલના પાનાદીઠ રૂા.૨/– લેખે કુલ–૨૭ પાનાના રૂા.૫૪/– વેસ્ટઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદાર તરફથી રસીદ નં. ૧૫૦૩૩૫ વેસ્ટઝોન ખાતે રૂા. ૧૧૧/– ભરપાઈ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા. ૬–૨–૧૨ના રોજ મુદત વિત્યા બાદ માહિતી મળેલ નથી તેથી માંગેલ માહિતી ના રૂા. ૧૧૧/– પરત મળવા અને માંગેલી માહિતી વિના મૂલ્યે મળવાની રજુઆત કરી તા. ૬–૨–૧૨ના રોજ

અપીલ અરજી કરેલ. જેના સંદર્ભે અત્રેથી બંને પક્ષકારોને પત્ર નં. ૧૭૬૫ તા. ૧૫–૨–૧૨થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧–૩–૧૨ ના પત્રથી અરજીમાં જણાવેલ માહિતી સમય મર્યાદા બાદ તા.૧૨–૨–૧૨ ના રોજ મળેલ છે આમ અરજીની તારીખથી ઠરાવેલ સમય મર્યાદા બહાર માહિતી આપેલ હોય નિયમ પ્રમાણે મને રૂા.૧૧૧/– પરત કરવા વિનંતી. તેવી રજૂઆત કરેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૨૫૧ તા.૨૭–૩–૧૨ થી પુરી પાડેલ પૂરક વિગતોમાં અરજદારની તા.૭–૩–૧૨ ની અરજીથી તા. ૮–૨–૧૨ના રોજ જે અપીલ અરજી કરેલ હતી પરંતુ હવે મારે આ બાબતની જરૂરી વિગત મળી ગયેલ છે તેમજ તકરાર નથી જેથી મારી અપીલ દફતરે કરવા વિનંતી તેવી અરજી અપીલ અધિકારીને સંબોધતી રાંદેરઝોન ખાતે આપવામાં આવેલ જેની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારની છેલ્લી વિગતોને ધ્યાને લેતાં અપીલ અંગે કોઈ તકરાર નથી અને અપીલ અરજી દફતરે કરવા જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૬–૨–૧૨ ધ્યાને લેતાં ૬–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૨૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૨–૧૧ થી માંગવામાં આવેલ માહિતી બાબતે કરેલ અપીલ અરજી તા. ૭–૩–૧૨ની અરજીથી દફતરે કરવાનું જણાવેલ હોય અને અપીલમાં માહિતી મળી ગયેલ છે તેમજ અન્ય કોઈ તકરાર નથી તેવું જણાવેલી વિગત ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી બીપીનચંદ્ર સી.ગાંધી